# ધી ભાગ્યોદય કો.ઓપરેટીવ બેંક લિ.

: રજીસ્ટર્ડ એન્ડ એડમીન ઓફિસ :

પહેલો માળ, 1, સૂર્યદીપ બંગલોઝ, નાલંદા કોમ્પલેક્ષની સામે,

પ્રેમચંદનગર, સેટેલાઈટ, અમદાવાદ - 380015.

ફોન નં.079-26747001, 26747002

www.bhagyodayabank.com, email:ho@bhagyodayabank.com


## હરાજી કમ વેચાણ માટે જાહેર નોટીસ (બીજો પ્રયત્ન)

ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.ના અધિકૃત અધિકારીએ દાવેદારો પાસેથી બાકી રકમની વસુલાત માટે **સિક્યોરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨ ના નિયમ નં.૮(૬)** હેઠળ નીચે જણાવેલ સિકયોર્ડ અસ્કયામતોનો કબજો લીધા અન્વયે નીચે જણાવ્યા મુજબની સ્થાવર મિલકત તથા મશીનરીનો **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે"** ના ધોરણે સ્થાવર મિલકત તથા મશીનરીની ખરીદી માટે સીલબંધ કવરોમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો મંગાવવામાં આવે છે. જેની વિગતો નીચે આપેલ છે.

| દેવાદાર(રો)/સહ દેવાદાર(રો) જામીનદાર(રો) | માંગણા નોટીસ તારીખ અને રકમ અને કબજા તારીખ | રીઝર્વ કિંમત ઈએમડી તથા બિડ વધારાની રકમ | સ્થાવર મિલકતની વિગત તથા ટાઈટલ ડીડ હોલ્ડર્સના નામ | કુલ બાકી લોન તા.૩૦/૦૫/૨૦૨૩ સુધી |
|---|---|---|---|---|
| ૧. લોન ખાતા નં. ૧૩૪૦૧૪૩૮૭૦૦૦૦૧૧ (સ્થાવર મિલકત)<br>૨. લોન ખાતા નં. ૧૩૪૦૧૪૩૫૩૦૦૦૦૦૧ (પ્લાન્ટ એન્ડ મશીનરી)<br><br>કરજદાર :<br>સ્વસ્તિક એનાલીટીકલ લેબોરેટરી<br>માલિક/જામીન/ગીરો કરનાર<br>૧.જગદીશભાઈ ધનશ્યામભાઈ શાહ<br>૨.ડો.સંજયભાઈ ધનશ્યામભાઈ શાહ<br>૩.ઉમેશભાઈ બેનીગોપાલ ગર્ગ | માંગણા નોટીસ<br>તા.૩૦/૦૬/૨૦૨૦<br>રૂા.૩,૦૨,૧૫,૪૧૬/-<br>---<br>કબજા<br>તા.૦૬/૦૨/૨૦૨૩<br><br>વાસ્તવિક કબજો | <u>(૧) સ્થાવર મિલકત :</u><br>રીઝર્વ કિંમત<br>રૂા.૪,૨૯,૦૦,૦૦૦/-<br>ઈએમડી<br>રૂા.૪૨,૯૦,૦૦૦/-<br>બિડ વધારાની રકમ<br>રૂા.૧,૦૦,૦૦૦/-<br>----------<br><u>(૨)જંગમ મિલકત :</u><br><u>(લેબોરેટરી ટેસ્ટીંગ મશીનરી)</u><br>રીઝર્વ કિંમત<br>રૂા.૯૪,૦૦,૦૦૦/-<br>ઈએમડી<br>રૂા.૯,૪૦,૦૦૦/-<br>બિડ વધારાની રકમ<br>રૂા.૧,૦૦,૦૦૦/- | **(૧) સ્થાવરમિલકતનુંવર્ણન :**<br>ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૧ (અસલાલી) તાલુકાના વટવાના મોજે વિંઝોલ ગામની સીમના સરવે નં.૪૭૯ પૈકી તથા મોજે વટવા ગામની સીમના સરવે નં.૯૫૩ પૈકી જી.આઈ.ડી.સી. વટવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ફેઝ-૧ માં આવેલ પ્લોટ નં.૮૫/૧ અને ૮૫/૨ કે જેનું ક્ષેત્રફળ ૫૨૦૨ સ.ચો.મી. ભાડાપટ્ટાવાળી જમીન પૈકી પ્લોટ નં.૮૫/૧+૮૫/૨/૩ કે જેનું ક્ષેત્રફળ ૧૧૯૫.૫૦+૧૦૫ સ.ચો.મીટરના ભાડાપટ્ટાવાળી જમીન તથા તેમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ ફલોર, સેકન્ડ ફલોર તથા સ્ટેર કેબીન સહિત કુલ ૮૧૫.૮૭ સ.ચો.મીટર યાને ૯૭૫.૭૮ સ.ચો.મી.ફેકટરી શેડના બાંધકામવાળી મિલકત જેના અમદાવાદ ટેક્ષબીલ મુજબ ટેનામેન્ટ નં.૦૪૪૦-૨૧-૦૨૮૬-૦૦૦૧ સી આવેલ છે. સદર મિલકત કે જે જગદીશભાઈ ધનશ્યામભાઈ શાહની માલિકીની છે. જેના ખૂંટ ચારની વિગત નીચે મુજબ છે.<br>પૂર્વે : રોડ પછી સેલ્સ<br>ઉત્તરે : ભાગ્યલક્ષ્મી સ્ટીલ એન્ડ પ્રોફાઈલ<br>પશ્ચિમે : ઈન્ડસ્ટ્રીયલ શેડ નં.૮૪/૧<br>દક્ષિણે : પ્લોટ નં.૮૫/૧/૪<br>**(૨) પ્લાન્ટ એન્ડ મશીનરીનું વર્ણન :**<br>**એનાલીટીકલ લેબોરેટરી ટેસ્ટીંગના મશીનો** | <u>(૧) સ્થાવર મિલકત :</u><br>રૂા.૨,૯૦,૧૯,૦૮૪/-<br>તા.૩૧/૦૫/૨૦૨૩ થી બાકી વ્યાજ તથા લીગલ અને અન્ય ખર્ચા<br><u>(૨)જંગમ મિલકત :</u><br>રૂા.૧,૨૭,૭૧,૭૧૪/-<br>તા.૩૧/૦૫/૨૦૨૩ થી બાકી વ્યાજ તથા લીગલ અને અન્ય ખર્ચા |

THE BHAGYODAYA CO-OP. BANK LTD.
Head Office

# ધી ભાગ્યોદય કો.ઓપરેટીવ બેંક લિ.

: રજીસ્ટર્ડ એન્ડ એડમીન ઓફિસ :
પહેલો માળ, 1, સૂર્યદીપ બંગલોઝ, નાલંદા કોમ્પલેક્ષની સામે,
પ્રેમચંદનગર, સેટેલાઈટ, અમદાવાદ - 380015. ફોન નં.079-26747001, 26747002
www.bhagyodayabank.com, email:ho@bhagyodayabank.com

**સ્વસ્તિક એનાલીટીકલ લેબોરેટરીના માલિક શ્રીમતી જગદીશભાઈ ધનશ્યામભાઈ શાહની માલિકીની સ્થવાર મિલકત તેમજ પ્લાન્ટ એન્ડ મશીનરીની જાહેર હરાજી અંગેની શરતો અને નિયમો - હરાજી/બોલી ની તા.૦૩/૦૭/૨૦૨૩ બપોરે ૪.૦૦ કલાકે**

**હરાજીની શરતો અને નિયમો :**

(૧) હરાજી/બોલી સ્થાવર મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી સામે કરવામાં આવશે.

(૨) **સૌ પ્રથમ સ્થાવર મિલકતની બોલીની રકમમાંથી બેંકના તમામ લેણાં વસુલ થતા હશે તો મશીનરીની બોલી બોલવામાં આવશે નહીં.**

(૩) બીડર તમામ બાબતોની સંપૂર્ણ ચકાસણી કરવા માટે તેમજ સૂચવેલ તારીખ અને સમયે ઉપર જણાવેલ મિલકત તથા મશીનરીની વિગતોનું નિરીક્ષણ કરવા જવાબદાર છે. બીડ ભરતા પહેલાં મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી નું ઈન્સ્પેકશન કરવાની જવાબદારી અને મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી પરત્વે તમામ બાબતોનું સંતોષકારક રીતે ડ્યુડીલીજન્સ કરવાની તમામ જવાબદારી બીડરની છે. બીડર મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી નું ઈન્સ્પેકશન સંબંધિત બેંક અધિકારી સાથે કન્સલ્ટેશનથી અને સંમતિ બાદ કરશે. બીડરને હરાજીની કોઈ શરતો સમજવામાં કોઈપણ જાતની મુશકેલી પડે તો તે અધિકૃત અધિકારી, મો.નં.૯૪૨૬૩૦૯૬૨૬ નો હરાજી પહેલા કે હરાજી દરમ્યાન સંપર્ક કરી સમજણ મેળવી શકશે.

(૪) વેચાણ અધિકૃત અધિકારી દ્વારા કર્ન્ફમેશનને આધિન રહેશે. જો કરજદાર ડીમાન્ડ નોટીસ મુજબની બાકી લેણી રકમ પૂરેપૂરી હરાજીની જાહેર નોટીસ પ્રસિધ્ધ થાય તે પહેલા કે ટેન્ડર કે ક્વોટેશન પબ્લીક પાસેથી પ્રાપ્ત થાય તે પહેલાં બેંકને ભરપાઈ કરી આપશે તો મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી ની હરાજી રાખવામાં આવશે નહીં.

(૫) ઈચ્છુક પ્રસ્તાવકારોએ બીડની સાથે કે.વાય.સી. ડોક્યુમેન્ટસ (પાન કાર્ડ/આધાર કાર્ડ) સાથે ફોટોગ્રાફ અધિકૃત અધીકારીને મોકલવાના રહેશે.

(૬) સફળ પ્રસ્તાવકારને તે જવાબદારી રહેશે કે જો જમા કરાવેલ રકમ કે ચૂકવેલ રકમ રૂા.૫૦.૦૦ લાખ અથવા તેથી વધારે હોય તો ટી.ડી.એસ.૧% લેખે કલમ - ૧૯૪(૧-એ) અંર્તગત જમા કરાવવાના રહેશે.

(૭) આ મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી ઉપર કાયદા મુજબ આ બેંક સિવાય અન્ય કોઈ શખ્સનો અગ્રહક્ક જોવા મળેલ નથી કે બેંકની જાણમાં નથી.

(૮) બીડરે ઓથોરાઈઝડ ઓફિસર, ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.,ની તરફેણમાં બેંકર્સ ચેક/ડીડી દ્વારા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ની રકમ એટલે કે રીઝર્વ રકમની ૧૦% રકમ તેમજ બીડ ફોર્મ સીલબંધ કવરમાં તા.૩૦/૦૬/૨૦૨૩ના રોજ બપોરે ૪.૦૦ કલાક સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાના રહેશે. વધુમાં નોંધ લેવી કે સફળ બીડરની ઈ.એમ.ડી.ની રકમ વેચાણની કિંમત સામે સરભર કરવામાં આવશે અને બિડરે તેના બેંક ખાતાની સંપૂર્ણ વિગત આપવાની રહેશે.

(૯) મેળવેલ બીડમાંથી જે બીડ ઉચ્ચામાં ઉચ્ચી કિંમતની હશે તે બીડમાં દર્શાવેલ કિંમત તે મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી ની મૂળ કિંમત ગણી એટલે કે બેઝ પ્રાઈઝ ગણી બીડર તે બીડની રકમ કરતાં વધુ રકમનું બીડ બોલવા માટે મંજુરી આપવામાં આવે છે. નક્કી કરેલ રીઝર્વ પ્રાઈઝ કરતાં ઓછી કિંમતે મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી નું વેચાણ થઈ શકશે નહીં.

(૧૦) સફળ બીડરે તાત્કાલિક અથવા તેની/તેણીની/તેને તરફેણમાં વેચાણ મંજુર થયે એટલે કે વધુમાં વધુ બેંકના કામકાજના બીજા દિવસે તે બીડની ૨૫% રકમ ઈ.એમ.ડી. ના ૧૦% સહિત અને બાકીની રકમ ઓથોરાઈઝડ ઓફિસર, ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.,ની તરફેણમાં બેંકર્સ ચેક/ડીડી/આર.ટી. જી.એસ./એન.ઈ.એફ.ટી./આઈ.એમ.પી.એસ. દ્વારા ૧૫ માં દિવસે અથવા તે પહેલા જમા કરાવાની રહેશે.

(૧૧) નિષ્ફળ બોલી બોલનારાઓની ઈએમડી હરાજી પ્રકિયા બંધ થયાના બીજા દિવસે પરત આપવામાં આવશે અને આ ઈએમડી ઉપર કોઈપણ વ્યાજ મળશે નહીં.

(૧૨) સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, ટ્રાન્સફર ફી, મેઈન્ટેનન્સ ચાર્જીસ, ઈલેકટ્રીક ચાર્જીસ વિગેરે માટે ચૂકવવાપાત્ર ચાર્જીસ/ફી વિગેરે તમામ ખર્ચ સફળ બીડરે ભોગવવાના રહેશે. એટલે કે તમામ જવાબદારી માત્ર સફળ બીડરની રહેશે. અધિકૃત અધિકારી વેચાણ હેઠળની મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી ના સંબંધમાં સરકારી અથવા સ્થાનિક સંસ્થા અથવા કોઈપણ અન્ય પ્રાધીકરણની કોઈપણ બાકી રકમ, ચાર્જ, ભોગવટા હક્ક, મિલકત વેરા માટે જવાબદારી લેશે નહીં.

(૧૩) અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યા વગર અથવા કોઈપણ આગોતરી નોટીસ આપ્યા વગર બીડનો સ્વીકાર/અસ્વીકાર કરવાનો અથવા વેચાણ મોકુફ/મુલતવી/રદ કરવાનો અથવા વેચાણની કોઈપણ શરત અને નિયમોમાં ફેરફાર કરવાનો અથવા કોઈપણ તબક્કે હરાજીની કાર્યવાહીમાંથી કોઈપણ મિલકત તથા પ્લાન્ટ એન્ડ મશીનરી અથવા તેનો ભાગ પાછો ખેંચવાનો અનામત હક્ક ધરાવે છે.

(૧૪) સેલ સર્ટીફીકેટ (વેચાણ પ્રમાણપત્ર) તે બીડની પૂરેપૂરી રકમ જમા થયે/ચૂકતે થયે સફળ બીડરની તરફેણમાં કાયદાના પ્રાવધાનો મુજબ કરી આપવામાં આવશે. સેલ સર્ટીફીકેટમાં બીડ ફોર્મમાં દર્શાવેલ નામ સિવાય અન્ય કોઈ નામનો ઉમેરો કે નામ બદલી આપવામાં આવશે નહીં અને તેવી વિનંતી પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૫) આ નોટીસ ખાસ કરીને દેવાદાર(રો) જામીનદાર(રો) અને જાહેર જનતા માટે પણ છે. ઉપલબ્ધ સમયમાં સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ પ્રત્યે દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

(૧૬) વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. આ વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે બેંકની વેબસાઈટ www.bhagyodayabank.com માં જોવા વિનંતી.

સહી,
અધિકૃત અધિકારી,
ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.,

**તા.૧૩/૦૬/૨૦૨૩**
**સ્થળ : અમદાવાદ**

THE BHAGYODAYA CO-OP. BANK LTD. Head Office

| | | | |
|---|---|---|---|
| હરાજી પ્રકિયા સંબંધિત મહત્વપૂર્ણ માહિતી : | ૧ | હરાજીની તારીખ, સમય અને હરાજીનું સ્થળ : | તા.૦૩/૦૭/૨૦૨૩ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે<br>ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.,<br>રજી. એન્ડ એડમી. ઓફિસ :<br>પહેલો માળ, ૧, સૂર્યદીપ બંગલોઝ, નાલંદા કોમ્પલેક્ષની સામે,<br>પ્રેમચંદનગર, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫. |
| | ૨ | બિડ જમા કરાવવાનું સ્થળ : | ઓથોરાઈઝડ ઓફિસર - ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.,<br>પહેલો માળ, ૧, સૂર્યદીપ બંગલોઝ, નાલંદા કોમ્પલેક્ષની સામે,<br>પ્રેમચંદનગર, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫. |
| | ૩ | બિડ જમા કરાવવાની છેલ્લી તારીખ | તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ બપોરે ૪.૦૦ વાગ્યે અથવા એ પહેલા |
| | ૪ | જાહેર નિરીક્ષણની તારીખ અને સમય તથા કોન્ટેક નંબર | તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ સવારે ૧૨.૦૦ થી સાંજના ૩.૦૦ વાગ્યા સુધી<br>ધર્મેન્દ્રભાઈ આર. વ્યાસ મો.૯૯૭૯૭૭૬૩૯૫ |

બીડરે તેની પોતાની મરજીથી જણાવેલ નમુનામાં અરજી કરીને હરાજીમાં ભાગ લઈ શકે છે. જે ઉપર જણાવેલ બેંકના સરનામાં પર ઓફર/ટેન્ડર દસ્તાવેજો સાથે ઉપલબ્ધ છે. વેચાણ ચૂસ્તપણે આ જાહેરાતમાં જણાવેલ તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મજુબની શરતો અને નિયમો અને જણાવેલ બીડર/ટેન્ડર દસ્તાવેજોમાં જણાવેલ શરતો અને નિયમોને આધિન રહેશે. આ નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો - ૨૦૦૨ ના નિયમ ૮(૬) અને ૯(૧) હેઠળ દેવાદાર/સહ દેવાદાર/જામીનદાર/ગીરવેદારોને ૧૫ દિવસીય નોટીસ તરીકે પણ ગણવાની રહેશે. નક્કી કરેલ રીઝર્વ પ્રાઈઝ કરતાં ઓછી કિંમતે મિલકતનું વેચાણ થઈ શકશે નહીં. હરાજીની શરતો અને નિયમો બેંકની વેબસાઈટ www.bhagyodayabank.com ઉપર ઉપલબ્ધ છે જેની નોંધ લેવી.

સહી,
અધિકૃત અધિકારી,
ધી ભાગ્યોદય કો.ઓ.બેંક લિ.,

THE BHAGYODAYA CO-OP. BANK LTD.
Head Office

તા.૧૩/૦૬/૨૦૨૩
સ્થળ : અમદાવાદ